# સારાંશ

## ટીપીએલ-જી (એપીપી) દ્વારા (કેસ નંબર ૨૦૩૨/૨૦૨૧) માનનીય કમીશન સમક્ષ દાખલ કરવામાં આવેલી અરજી

## ટોરેન્ટ પાવર લિમીટેડ જનરેશન અમદાવાદ પાવર પ્લાન્ટ

### પૂર્વભૂમિકા

૧.૧ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ, ટીપીએલ-જી (એપીપી)એ આ અરજી માનનીય કમીશન સમક્ષ નીચેની વિગતોની મંજુરી મેળવવા કરેલ છે.

1. નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે એઆરઆરનું ટ્રુ અપ અને નિયંત્રીત/અનિયંત્રીત પરિબળોને લીધે થયેલ ફાયદા નુકશાનની વહેંચણી
2. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે એઆરઆરનું નિર્ધારણ
3. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે વિજદરનુ નિર્ધારણ

**નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે ટ્રુ-અપ**

૧.૨ માનનીય કમીશને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે અમદાવાદમાં આવેલ વીજઉત્પાદન મથક (જે હવેથી ટીપીએલ-જી(એપીપી) તરીકે ઓળખાશે) ના એઆરઆરની મંજુરી ૨૪ મી એપ્રિલ ૨૦૧૯ ના (કેસ નંબર ૧૭૬૩/૨૦૧૮) એમટીઆર ઓર્ડર દ્વારા આપી છે. જે નાણાકિય વર્ષ ૨૦૨૦-૨૧ ના સુધારેલા અનુમાનો પર આધારીત હતી. એઆરઆરની મંજૂરી નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ની વાસ્તવિક વિગતો પર થનાર ટ્રુ-અપ પર આધારીત છે.

૧.૩ ટ્રુ અપ માટે જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ ટીપીએલ-જી(એપીપી)એ માનનીય કમીશનના ૨૪ મી એપ્રિલ ૨૦૧૯ ના (કેસ નંબર ૧૭૬૩/૨૦૧૮) એમટીઆર ઓર્ડરના આધારે અરજી કરેલ છે.

૧.૪ ટીપીએલ-જી(એપીપી)એ એઆરઆરના ટ્રુ-અપ માટે નીચેના માપદંડો ધ્યાનમાં લીધા છે:

1. બળતણની કિંમત અને કામકાજના માપદંડ જેવા કે પીએલએફ, એસએચઆર, ઓકઝીલરી કન્ઝમ્પશન, સેકન્ડરી ફ્યુલ કન્ઝમ્પશનના સંદર્ભમાં વેરીયેબલ ખર્ચ માં થયેલ બદલાવ.
2. ફીકસડ ખર્ચા જેવા કે ઓ એન્ડ એમ ખર્ચ, વ્યાજ ખર્ચ, ઘસારો, ઇકવીટી પર મળવાપાત્ર વળતર, આવકવેરો અને નોન-ટેરીફ આવકમાં થતો બદલાવ.
3. નિયંત્રિત અને અનિયંત્રિત પરિબળોને ગણતરીમાં રાખીને ફાયદા/નુકશાનની વહેંચણી.

૧.૫ ટીપીએલ-જી(એપીપી)એ માનનીય કમીશન દ્વારા મંજુર કરેલા કાર્યક્ષમતાના ઘટકો જાળવી રાખવા માટે ઉત્કૃષ્ટ પ્રયત્નો કરેલ છે. વેરીયેબલ ખર્ચમાં થયેલાં ફેરફાર મુખ્યત્વે બળતણની કીંમત, વપરાશ, મિશ્રણ અને કેલોરીફિક વેલ્યુ જેવા અનિયંત્રીત પરિબળોમાં થયેલ ફેરફારને કારણે છે. તદ્ઉપરાંત, કાર્યક્ષમતાના માપદંડો જેવાકે સેકન્ડરી ફ્યુલ કન્ઝમ્પશન, ઓકઝીલરી કન્ઝમ્પશન અને સ્ટેશન હિટ રેટ જેવા નિયંત્રીત પરિબળોના ફેરફારના કારણે પણ છે.

૧.૬ ટીપીએલ-જી(એપીપી)એ ફાયદા/નુકશાનની ગણતરી વાસ્તવમાં પ્રાપ્ત કરેલ કાર્યક્ષમતાના માપદંડો અને ત્યારબાદની નિપજને આધારે કરી છે. ટીપીએલ-જી(એપીપી)ને રૂ. ૩૮૯.૨૦ કરોડનો ફાયદો અનિયંત્રિત પરિબળોને કારણે અને રૂ. ૬૩.૫૬ કરોડનો ફાયદો નિયંત્રત પરિબળોને કારણે થયેલ છે. તે મુજબ, જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર રૂ. (૪૧૦.૩૯) કરોડ ટેરીફ તરીકે પાસ કરવા સુચીત કરેલ છે. ટીપીએલ-જી(એપીપી)એ કામકાજના વાસ્તવિક માપદંડને અનુરૂપ વેરીયેબલ ખર્ચની ગણતરી, વાસ્તવિક ફિક્સ ખર્ચ અને ફાયદા/નુકશાનના ખર્ચાની વહેંચણી માનનીય કમિશનને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન, ૨૦૧૬ મુજબ ધ્યાને લેવા માટે વિનંતી કરે છે. ટીપીએલએ માનનીય કમીશનને ઉપરોક્ત ગણતરીના આધારે ટીપીએલ-જી(એપીપી)ના ટ્રુ-અપની મંજુરી માટે વિનંતી કરેલ છે.

૧.૭ ટ્રુઇંગ-અપ કરેલ એઆરઆર નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૧: નાણાકિય વર્ષ ૨૦૨૦-૨૧ માટે ટીપીએલ-જી(એપીપી)ના ટ્રુ-અપ કરેલ એઆરઆર**

| રૂ. કરોડમાં | | |
|---|---|---|
| એમટીઆર ઓર્ડર મુજબ એઆરઆર | (એ) | ૧૧૪૭.૨૭ |
| અનિયંત્રીત પરિબળોને કારણે ફાયદા/(નુકશાન) | (બી) | ૩૮૯.૨૦ |
| નિયંત્રીત પરિબળોને કારણે ફાયદા/(નુકશાન) | (સી) | ૬૩.૫૬ |
| ટેરીફ તરીકે પાસ-થ્રુ | ડી=-(બી+૧/૩ સી) | (૪૧૦.૩૯) |
| ટ્રુ-અપ એઆરઆર | ઇ= એ+ડી | ૭૩૬.૮૯ |

૧.૮ ટીપીએલે માનનીય કમીશનને ઉપર દર્શાવેલ ગણતરી મુજબના એઆરઆરને મંજુર કરવા રજુઆત કરેલ છે.

**નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના એઆરઆર :**

૧.૯ માનનીય કમિશને ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૧ ના ઓર્ડર દ્વારા યુટીલીટીને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ના સિદ્ધાંતો અને પદ્ધતિના આધારે નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના એઆરઆર અને વીજ દર નિર્ધારણ માટેની અરજી કરવા નિર્દેશ કરેલ છે. તે મુજબ ટીપીએલ-જી(એપીપી)એ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ ની જોગવાઇઓ અનુસાર ટીપીએલ-જી (એપીપી) માટે નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના એઆરઆર નિર્ધારણ માટેની અરજી દાખલ કરી છે.

૧.૧૦ અંદાજીત એઆરઆરના અનુમાનો નીચે મુજબ છે

એ) કામકાજના માપદંડ જેવા કે, એસએચઆર, ઓકઝીલરી વપરાશ, એસએફસી, ટ્રાંઝિટ લોસ અને ઓ એન્ડ એમ ખર્ચ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ મુજબ લેવામાં આવે છે.

બી) નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેના અંદાજીત બળતણ ખર્ચ અને કેલરીફિક વેલ્યુ લીધેલ છે.

સી) ટીપીએલ-જી(એપીપી) નો પીએલએફ ટીપીએલ-ડી ની અંદાજિત વીજ ખરીદીના અનુમાન પર આધારીત છે.

ડી) નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ નો રૂ.૪૦.૭૬ કરોડનો મૂડી ખર્ચ સુરક્ષા અને સલામતી સહિત સાબરમતીના રોજિંદા મૂડી ખર્ચ માટે અંદાજિત કરેલ છે.

ઇ) ઘસારો , વ્યાજ ખર્ચ, કાર્યકારી મૂડી પરનો વ્યાજ ખર્ચ, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર વગેરેની ગણતરી લાગુ પડતા રેગ્યુલેશન્સ અનુસાર કરવામાં આવી છે.

૧.૧૧ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે નિર્ધારિત એઆરઆર નીચે કોષ્ટકમાં આપેલ છે

**કોષ્ટક ૨: ટીપીએલ-જી(એપીપી) ના નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના એઆરઆર**

| રૂ.કરોડમાં | નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ |
|---|---|
| વેરીયેબલ ખર્ચ | ૧૦૮૬.૩૧ |
| ઓ એન્ડ એમ ખર્ચ | ૧૬૩.૬૦ |
| પાણીના ખર્ચ | ૨૬.૬૧ |
| વ્યાજ ખર્ચ | - |
| કાર્યકારી મૂડી નો વ્યાજ | ૧૫.૧૪ |

| રુ.કરોડમાં | નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ |
|---|---|
| ખર્ચ | |
| ઘસારો | ૫૦.૭૪ |
| ઇક્વીટી પર મળવાપાત્ર વળતર | ૬૨.૩૭ |
| આવકવેરો | ૨૦.૮૩ |
| ઇનસેન્ટિવ | - |
| બાદ: બિન-ટેરિફ આવક | ૧૩.૧૧ |
| **એઆરઆર** | **૧૪૧૨.૪૯** |

દાદ ઃ

૧.૧૨ ટીપીએલ-જી(એપીપી)એ હાલની અરજી માનનીય કમિશનને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના ટ્રુઇંગ-અપ અને નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે એઆરઆર નિર્ધારણ અને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે અમદાવાદ ખાતે આવેલા વીજ ઉત્પાદનના કારોબાર માટેના વીજ દર નિર્ધારણ માટે કરેલ છે.

૧.૧૩ હકીકતો અને સંજોગોને ધ્યાનમાં લઇને, ટીપીએલ-જી(એપીપી)એ માનનીય કમિશનને નીચે મુજબ અરજ કરે છે:

એ) નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના ટ્રુઇંગ અપ અને નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે એઆરઆર અને નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના વીજ દર નક્કી કરવા માટેની પીટીશનની સ્વીકૃતી.

બી) નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના ટ્રુ-અપ ખાધ/(પુરાંત) ની કાયદાકીય નિયમના ફેરફારના લીધે થયેલા અસર સાથની મંજુરી.

સી) નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના ટીપીએલ-જી(એપીપી) દ્વારા પ્રસ્તાવિત ફાયદા /નુકશાનની વહેંચણીની મંજુરી.

ડી) નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે એઆરઆરને મંજૂરી

ઇ) ટીપીએલ-જી(એપીપી) દ્વારા માનનીય ટ્રીબ્યુનલ અને માનનીય કમિશનમાં કરેલી સુધારા અરજી/સમીક્ષાઓના નિર્ણયો અનુસાર ખર્ચાઓની વસુલાત માટેની મંજુરી.

એફ) ભવિષ્યમાં અરજીમાં ઉમેરો/સુધારા/ફેરફાર/બદલાવો માટેની પરવાનગી.

જી) ટીપીએલ-જી(એપીપી) ને કાર્યવાહી દરમ્યાન અસરકારક પ્રસ્તુતી માટે સમયાનુસાર જરૂરી દલીલો અને દસ્તાવેજો ફાઇલ કરવા માટેની પરવાનગી.

એચ) માનનીય કમીશનને યોગ્ય લાગતી અન્ય રાહત, આદેશ અથવા નિર્દેશની વિનંતિ

આઇ) કોઇપણ અજાણતા થયેલી ગફલત/ભૂલ/તફાવત/ખામીઓ ની માફી